અપીલ અરજી નં.૧૧૩ તા.૨૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હરીલાલ ભોલાનાથ મિશ્રા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીલાલ ભોલાનાથ મિશ્રાની તા.૪–૫–૧૦ ની અરજીથી હરીટેક્ષ પાંડેસરા વિરુધ્ધ આપેલી ફરીયાદ (રાષ્ટ્રીય યુવાક્રાંતિ લેબર યુનિયન) તા.૨૯–૧૨–૦૯ ના અનુસંધાનમાં શું શું કાર્યવાહી કરી છે? તથા તેનો જવાબ આજ દિન સુધી અમોને અરજદારનેકેમ આપેલ નથી? આ તકરારબાબતે ગુમાસ્તા ઈન્સ્પેકટર ધ્વારા સમાધાનના પ્રયાસો કેમ હાથ ધરેલ નથી?તથા અમારી મુળઅરજીના અનુસંધાનમાં શેઠ શ્રી ગીરધારીલાલ હરીટેક્ષ ધ્વારા શું જવાબ આપવામાં આવેલ છે આ સંપૂર્ણ માહિતીની વિગતો તથા આ ફરીયાદમાં કોઈ કાર્યવાહી કરી જવાબ ન આપવાના કારણો તથા જવાબદાર અધિકારીના નામ સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૩/૨૦૧૦–૧૧

શ્રી હરીલાલ ભોલાનાથ મિશ્રાની તા.૪–૫–૧૦ ની અરજીથી હરીટેક્ષ પાંડેસરા વિરુધ્ધ આપેલી ફરીયાદ (રાષ્ટ્રીય યુવાક્રાંતિ લેબર યુનિયન) તા.૨૯–૧૨–૦૯ ના અનુસંધાનમાં શું શું કાર્યવાહી કરી છે? તથા તેનો જવાબ આજ દિન સુધી અમોને અરજદારને કેમ આપેલ નથી? આ તકરાર બાબતે ગુમાસ્તા ઈન્સ્પેકટર ધ્વારા સમાધાનના પ્રયાસો કેમ હાથ ધરેલ નથી? તથા અમારી મુળ અરજીના અનુસંધાનમાં શેઠ શ્રી ગીરધારીલાલ હરીટેક્ષ ધ્વારા શું જવાબ આપવામાં આવેલ છે આ સંપૂર્ણ માહિતીની વિગતો તથા આ ફરીયાદમાં કોઈ કાર્યવાહી કરી જવાબ ન આપવાના કારણો તથા જવાબદાર અધિકારીના નામ સહિતની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/૨૯૧ તા.૨૭–૫–૧૦ થી આપેલ માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૪૩૯ તા.૨–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરમાં આપે માંગેલ માહિતીનો સમાવેશ થતો જણાય છે છતાં અધૂરી માહિતીના દાવા અંગે કોઈ આધાર હોય તો તે રજૂ કરવા જણાવવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૩૪૬ તા.૮–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઝોન/૨૯૧ તા.૨૭–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીની નકલ, ગુમાસ્તાધારા તરફથી ગીરધારલાલ હરીટેક્ષને તા.૨૯–૧૨–૦૯ ના રોજ પત્ર એસ એન્ડ ઈ નં.૩૮૨ દફતરો નિરીક્ષણ માટે રજૂ કરવા પાઠવેલ પત્રની નકલ, સુપરવાઈઝરના તા.૬–૧–૧૦ ના પત્રની નકલ, તા.૨૧–૧–૧૦ ની સ્થળ નિરીક્ષણની નોંધ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૯–૭–૧૦ થી પત્ર મળેલ છે.

અરજદારની તા.૪–૫–૧૦ ની અરજીથી ઉપરોકત જણાવેલ વિષય સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/૨૯૧ તા.૨૭–૫–૧૦ થી અરજદારને " આપની ફરીયાદ અરજીના અનુસંધાનમાં તમોને તેમજ સંસ્થાના માલિકને તા.૫–૧–૧૦ ના રોજ તથા તા.૨૦–૧–૧૦ ના રોજ કચેરીએ બોલાવવામાં આવેલ હતાં પરંતુ સંસ્થાના માલિક તરફે આગળની કોર્ટ કાર્યવાહી કરવા જણાવતા સંસ્થાની સ્થળ તપાસ કરી ક્ષતિ પૂર્તતાના અભાવે નામદાર મ્યુ. કોર્ટમાં તા.૩૧–૩–૧૦ ના રોજ ફરીયાદ નં.૭૨૩/૧૦ થી દાખલ કરવામાં આવેલ છે. જેમાં નામદાર કોર્ટ ધ્વારા રૂા.૫૦૦/– નો દંડ સંસ્થાના માલિકને ફટકારવામાં આવેલ છે. સદર કામગીરી ગુમાસ્તાધારા નિરીક્ષક શ્રી પ્રકાશ એમ. નાયક ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં અદાલતી કાર્યવાહી કરવામાં આવેલ હોય ત્યારે ચાલુ કોર્ટ કેસ દરમ્યાન ગુમાસ્તાધારા ધ્વારા અલાયદા કારણો આપવાના રહેતા નથી. તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૨૮–૬–૧૦ ના રોજ મુખ્ય માહિતી ,અરજદારની અરજીનો જવાબ ન આપવાના કારણો તથા માલિક ધ્વારા રજૂ થયેલ જવાબની નકલ સમાધાનના પ્રયાસો નથી થયા તેના કારણો વિગેરે માહિતી ન મળવાથી અપીલ અરજી કરેલ છે. તેમજ સંપૂર્ણ માહિતી મળી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં અપૂરતી માહિતી બાબતે પૂરક વિગતોમાં (૧)તા.૨૯–૧૨–૦૯ નો કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૨૯–૧૨–૦૯ની અરજી બાબતે તા.૫–૧–૧૦ તા.૨૦–૧–૧૦ બંને પક્ષકારોને બોલાવવામાં આવેલ છે. જે અંગે પત્રો પણ પાઠવવામાં આવેલ છે તથા તે અંગે કોર્ટની અંદર કેસ તથા સજા વિગેરે માહિતી પણ અરજદારને આપેલ છે. જેથી જાહેર માહિતી અધિકારીએ થયેલ કાર્યવાહીની માહિતીની વિગતો અરજદારને આપવામાં આવેલ જણાય છે. (૨) જવાબદાર ગુમાસ્તા ઈન્સ્પેકટર ધ્વારા સમાધાનના કોઈ પ્રયાસ કરેલ નથી તેના કારણો આપેલ નથી શું કાર્યવાહી થઈ તેની અરજદારને જાણ કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે તા.૫–૧–૧૦ તથા તા.૨૦–૧–૧૦ ના રોજ બંને પક્ષકારોને બોલવવામાં આવેલ તથા તા.૨૦–૧–૧૦ ના રોજ બંને પક્ષકારો તરફથી કોર્ટની કાર્યવાહી કરવાનું જણાવવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૩ અંગે અરજદારે જણાવેલ છે કે માલિક શ્રી હરીટેક્ષ ધ્વારા

જે જવાબ ગુમાસ્તાધારા ઈન્સ્પેકટરને આપેલ છે તેની નકલ આપેલ નથી તે અંગે જાહેર માહિતી અધિકારીના નોંધ વિભાગમાં બંને પક્ષકારોએ કોર્ટની કાર્યવાહી કરવાનું જણાવેલ છે તેવો ઉલ્લેખ છેતથા બંને પક્ષકારોની સહી જણાય છે. અરજદાર ધ્વારા મુળ અરજી સમયે નકલો માંગ્યાનું જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૪–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર નિર્દિષ્ટ કાર્યવાહીના કાગળોની નકલ મેળવવા ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની નિર્ધારિત દસ્તાવેજ ફી ભરપાઈ કરી તે નકલો મેળવવા સ્વતંત્ર છે. અરજદાર ધ્વારા માંગણી કર્યેથી તદનુસાર હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરીલાલ ભોલાનાથ મિશ્રા,